માર્ગદર્શન

રાષ્ટ્રીય લૉકડાઉનઃ ઘરે રહો

દેશભરમાં કોરોનાવાઈરસના કેસો ઝડપથી વધી રહ્યા છે. તમે શું કરી શકો અને શું ન કરી શકો તે જાણો.

4 જાન્યુઆરી 2021ના રોજ પ્રકાશિત

છેલ્લો સુધારો 6 જાન્યુઆરી 2021 — જુઓ બધા જ સુધારા

આમના તરફથી:

કેબિનેટ ઓફિસ

અહીં લાગુ પડે છેઃ

ઈંગ્લેન્ડ

અનુક્રમણિકા

સંક્ષિપ્ત સારઃ રાષ્ટ્રીય લૉકડાઉન દરમ્યાન તમે શું કરી શકો અને શું ન કરી શકો

આ માર્ગદર્શન કોના માટે છે

હાથ. ચહેરો. અંતર.

તમે ક્યારે ઘરમાંથી બહાર નીકળી શકો

બીજાં લોકોને મળવું

કસરત કરવી

ચહેરાનાં આવરણો

સપોર્ટ તેમજ ચાઈલ્ડકેર બબલો

જો તમે નિયમો તોડશો તો

જેમના પર કોરોનાવાઈરસનું વધારે જોખમ હોય તે લોકોનું રક્ષણ કરવું

કામ પર જવું

સ્કૂલ કે કોલેજ જવું

યુનિવર્સિટીઓ

બાળ સંભાળ

મુસાફરી

આંતરરાષ્ટ્રીય મુસાફરી

ઘરથી દૂર રાત્રિ રોકાણ કરવું

કેર હોમની મુલાકાતો

ફ્યૂનરલો

લગ્નો, સિવિલ પાર્ટનરશીપો અને ધાર્મિક વિધિઓ

ધાર્મિક સ્થળો

રમત અને શારીરિક પ્રવૃત્તિ

ઘર બદલવું

નાણાંકીય ટેકો

ધંધા વ્યવસાયો અને સ્થળો

ખુલ્લાં રહી શકે તે ધંધા વ્યવસાયો અને સ્થળો

આરોગ્ય સંભાળ અને જાહેર સેવાઓ

આ પાનું છાપો

સંક્ષિપ્ત સારઃ રાષ્ટ્રીય લૉકડાઉન દરમ્યાન તમે શું કરી શકો અને શું ન કરી શકો

તમારે ઘરમાં જ રહેવું જોઈએ. NHSનું રક્ષણ કરવા અને જિંદગીઓ બચાવવા માટે જે એકમાત્ર અગત્યનું પગલું આપણે લઈ શકીએ, તે છે ઘરમાં રહેવું.

તમારે તાત્કાલિક આ માર્ગદર્શનનું પાલન કરવું જોઈએ. આ કાયદો છે.

ઘરમાંથી બહાર નીકળવું

તમારે તમારા ઘરમાંથી બહાર ન જ નીકળવું જોઈએ કે ઘરની બહાર ન જ રહેવું જોઈએ, સિવાય કે જ્યાં તે જરૂરી હોય. તમે આ કારણો માટે ઘરમાંથી બહાર નીકળી શકોઃ

- તમારા માટે કે કોઈ અરક્ષિત વ્યક્તિ માટે પાયાની જીવનજરૂરિયાતની વસ્તુઓ ખરીદવા

- કામ પર જવા, અથવા સ્વૈચ્છિક કે ધર્માદા સેવાઓ પૂરી પાડવા, જો તમે તે વાજબી રીતે ઘરમાં રહીને ન કરી શકતાં હો તો
- તમારા પોતાના ઘરના સભ્યો (અથવા સપોર્ટ બબલનાં લોકો) અથવા બીજી કોઈ પણ એક વ્યક્તિ સાથે કસરત કરવા, આ દિવસમાં એક જ વાર હોવું જોઈએ અને તમારે તમારા સ્થાનિક વિસ્તારની બહાર ન જવું જોઈએ.
- જ્યાં જરૂર હોય ત્યાં, તમારા સપોર્ટ બબલ અથવા ચાઈલ્ડકેર બબલને મળવા માટે, પરંતુ જો તમને કાયદેસર તે બનાવવાની પરવાનગી હોય તો જ
- તબીબી મદદ મેળવવા અથવા કોઈ ઈજા, બીમારી અથવા નુક્સાનના જોખમમાંથી બચવા (ઘરેલૂ હિંસા સહિત)
- શિક્ષણ કે બાળ સંભાળ મેળવવા - જેઓ તે માટે લાયક બનતાં હોય તેઓ

જો તમે પરવાનગી અપાયેલ કારણોસર ઘરમાંથી બહાર નીકળો જ, તો તમારે હંમેશાં સ્થાનિક વિસ્તારમાં જ રહેવું જોઈએ - સિવાય કે દૂર જવાનું જરૂરી હોય, દાખલા તરીકે કામ પર જવા. સ્થાનિક રીતે રહો એટલે કે, તમે જ્યાં રહેતાં હો તે ગામ, નગર, કે શહેરના ભાગમાં જ રહો.

જો તમે તબીબી રીતે અત્યંત અરક્ષિત હો તો તમારે માત્ર તબીબી અપોઈન્ટમેન્ટો, કસરત માટે અથવા આવશ્યક હોય તો જ બહાર નીકળવું જોઈએ. તમારે કામ પર ન જવું જોઈએ.

બીજાં લોકોને મળવું

તમે જેમની સાથે ન રહેતાં હો અથવા જેમના સપોર્ટ બબલમાં ન હો (જો તમને કાયદેસર તે બનાવવાની પરવાનગી હોય તો) તેવાં બીજાં લોકોને સામાજિક રીતે કોઈને મળવા માટે ઘરમાંથી નીકળી શકો નહિ.

તમે એકલાં, બીજી કોઈ એક વ્યક્તિ સાથે અથવા તમારા પોતાના ઘરનાં લોકો કે સપોર્ટ બબલનાં લોકો સાથે કસરત કરવા જઈ શકો. આ દિવસમાં માત્ર એક જ વાર હોવું જોઈએ અને તમારે તમારા સ્થાનિક વિસ્તારની બહાર ન જવું જોઈએ.

તમે જેમની સાથે ન રહેતાં હો અથવા જેમની સાથે સપોર્ટ બબલ ન બનાવેલું હોય તેવાં બીજાં લોકોને મળી શકો નહિ, સિવાય કે તે માટે પરવાનગી અપાયેલ કોઈ કારણ હોય.

તમારી સાથે એક જ ઘરમાં ન રહેતી બીજી કોઈ પણ વ્યક્તિથી 2 મીટર દૂર રહો.

શિક્ષણ

કોલેજો, પ્રાઈમરી અને સેકન્ડરી સ્કૂલો માત્ર અરક્ષિત બાળકો તેમજ ક્રિટિકલ વર્કરોનાં બાળકો માટે જ ખુલ્લી રહેશે. બીજાં બધાં બાળકો ફેબ્રુઆરી હાફ ટર્મ સુધી સ્કૂલથી દૂર રહીને ઘરેથી ભણશે.

અરલી યર્સનાં સ્થળો ખુલ્લાં રહેશે.

ઊચ્ચ શિક્ષણની સુવિધાઓ ભાવિ ક્રિટિકલ વર્કરના કોર્સીસ બીજાં બધાં માટે ફેબ્રુઆરીના મધ્ય સુધી ઓનલાઈન રહેશે.

આ માર્ગદર્શન કોના માટે છે

આ માર્ગદર્શન તંદુરસ્ત અને સ્વસ્થ લોકો માટે છે. જે લોકો કોરોનાવાઈરસ પ્રતિ તબીબી રીતે અત્યંત અરક્ષિત હોય અને જે ઘરોમાં કોરોનાવાઈરસના ચેપના સંભવિત અથવા ચોક્કસ કરાયેલ લોકો હોય તેમના માટે વધારાની સલાહ આપવામાં આવી છે. જો તમે તબીબી રીતે અત્યંત અરક્ષિત હો તો તમારે ફરીથી લાગુ પડાયેલ શિલ્ડિંગની માર્ગદર્શિકા અનુસરવી જોઈએ અને કામ પર, સ્કૂલ, કોલેજ અથવા યૂનિવર્સિટીમાં ન જવું જોઈએ. તમે ઘરની બહાર જે સમય વીતાવો તે ઓછો કરી દેવો જોઈએ. તમારે માત્ર તબીબી અપોઈન્ટમેન્ટો, કસરત માટે અથવા આવશ્યક હોય તો જ બહાર નીકળવું જોઈએ.

હાથ. ચહેરો. અંતર.

કોરોનાવાઈરસ ધરાવતાં આશરે 3 માંથી 1 વ્યક્તિને તેનાં કોઈ ચિહ્નો હોતાં નથી અને તેઓ પોતાને ખ્યાલ આવ્યા વગર તે ફેલાવતાં હશે.

યાદ રાખો - 'હાથ. ચહેરો. અંતર.'

- હાથ - તમારા હાથ નિયમિત રીતે અને 20 સેકંડ સુધી ધુઓ.
- ચહેરો - મકાનની અંદરના ભાગોમાં જ્યાં બીજાં લોકોથી સામાજિક અંતર જાળવવાનું મુશ્કેલ હોય અને તમે સામાન્ય રીતે જેમની સાથે ન રહેતાં હો તે લોકોનાં સંપર્કમાં આવવાનાં હો ત્યાં ચહેરા પર આવરણ પહેરો.
- અંતર - તમે જેમની સાથે ન રહેતાં હો તે લોકોથી જો શક્ય હોય તો 2 મીટરના અંતરે દૂર રહો, અથવા જ્યાં વધારાની સાવચેતીનાં પગલાં લીધેલાં હોય ત્યાં 1 મીટર સુધી (જેમ કે ચહેરા પર આવરણો પહેરેલાં હોય ત્યાં)

તમામ સંજોગોમાં, તમારે બીજાં લોકોને સુરક્ષિત રીતે મળવા વિશેના માર્ગદર્શનનું પાલન કરવું જોઇએ.

તમે ઘરમાંથી ક્યારે બહાર નીકળી શકો

તમારે તમારા ઘરમાંથી બહાર ન જ નીકળવું જોઈએ કે ઘરની બહાર ન જ રહેવું જોઈએ, સિવાય કે તમારી પાસે તે માટેનું 'વાજબી બહાનું' હોય. આ કાયદો છે. જો

તમે 'વાજબી બહાના' વગર ઘરમાંથી બહાર નીકળશો, તો પોલીસ તમારી સામે પગલાં લઈ શકે છે, અને તમને દંડ (ફિક્સ્ડ પેનલ્ટી નોટિસ) ફટકારી શકે છે.

તમને પહેલીવારના ગુના માટે £200ના નિશ્ચિત રકમના દંડની નોટિસ આપવામાં આવી શકે છે, તે પછી બીજા વધારાના ગુના માટે તે રકમ બમણી કરીને £6,400 સુધી દંડ કરવામાં આવી શકે.

'વાજબી બહાના'માં આનો સમાવેશ થાય છેઃ

કામ

જ્યાં તમારું કામ તમે ઘરે બેસીને ન કરી શકો તેમ હોય ત્યારે કામ પર જવા માટે તમે ઘરમાંથી બહાર નીકળી શકો છો. આમાં સમાવેશ થાય છે, જે લોકો કટોકટીનાં રાષ્ટ્રીય બાંધકામોના ક્ષેત્રમાં કામ કરતાં હોય, જ્યાં રૂબરૂ હાજર રહેવું પડે તેમ હોય તેવાં બાંધકામ કે ઉત્પાદનમાં કામ કરતાં હોય, જો કે આ યાદી આટલા પૂરતી મર્યાદિત નથી

વોલન્ટીયરીંગ

તમે વોલન્ટરી કે ધર્માદા સેવાઓ પૂરી પાડવા માટે પણ ઘરમાંથી બહાર નીકળી શકો છો.

આવશ્યક પ્રવૃત્તિઓ

તમે દુકાનેથી વસ્તુઓ ખરીદવા કે સેવાઓ મેળવવા ઘરમાંથી બહાર નીકળી શકો છો. તમે કોઈ અસમર્થ અથવા અરક્ષિત વ્યક્તિના વતી અથવા સેલ્ફ-આઈસોલેટ કરી રહેલ વ્યક્તિ વતી આ કામો કરવા માટે પણ ઘરમાંથી બહાર નીકળી શકો છો.

શિક્ષણ અને બાળ સંભાળ

તમે શિક્ષણ માટે, નોંધાયેલ બાળ સંભાળ, તેમજ જ્યાં બાળક હાજરી આપવા માટે લાયક બનતું હોય તેવી બાળકો માટેની દેખરેખ હેઠળની પ્રવૃત્તિઓ માટે જ ઘરમાંથી બહાર નીકળી શકો છો. સ્કૂલે જવાની ઉંમરનાં બાળકો માટે શિક્ષણ તેમજ બાળકોની પ્રવૃત્તિઓમાં જવા ઉપર મર્યાદા મૂકવામાં આવી છે. શિક્ષણ અને બાળ સંભાળ ઉપર વધારે માહિતી જુઓ. જ્યાં માતા-પિતા અને બાળકો અલગ રહેતાં હોય ત્યાં સંપર્ક માટે હાલની વ્યવસ્થા તમે ચાલુ રાખી શકો છો. જ્યાં 14 વર્ષથી નાની ઉંમરનું બાળક રહેતું હોય તેવા ઘરમાં જો તમે રહેતાં હો, તો તમે ચાઈલ્ડકેર બબલ પણ બનાવી શકો છો.

બીજાં લોકોને મળવું અને કાળજી લેવી

તમે ઘરમાંથી બહાર નીકળી શકો:

- તમારા સપોર્ટ બબલને મળવા માટે, (જો તમને કાયદેસર તે બનાવવાની પરવાનગી હોય તો)

- 14 વર્ષથી નાની ઉંમરનાં બાળકોને ચાઈલ્ડકેર બબલના ભાગ તરીકે અનૌપચારિક બાળ સંભાળ પૂરી પાડવા માટે (દાખલા તરીકે, જેથી તેમનાં માતાપિતા કામે જઈ શકે, પુખ્ત વયનાં લોકો વચ્ચે કોઈ સામાજિક સંપર્ક કરાવવા માટે નહિ)
- અસમર્થ અથવા અરક્ષિત લોકોને સંભાળ પૂરી પાડવા માટે
- કટોકટીમાં સહાયતા પૂરી પાડવા માટે
- સહાય જૂથમાં હાજરી આપવા (વધુમાં વધુ 15 લોકો સુધી)
- રાહત સંભાળ માટે, જ્યાં કોઈ અરક્ષિત વ્યક્તિને કે અસમર્થતા ધરાવતી વ્યક્તિને સંભાળ પૂરી પાડવામાં આવતી હોય, અથવા સંભાળ રાખવામાં આવતા બાળક માટે ટૂંકા સમયના આરામ માટે.

કસરત

તમે એકલાં, બીજી કોઈ એક વ્યક્તિ સાથે અથવા તમારા પોતાના ઘરનાં લોકો કે સપોર્ટ બબલનાં લોકો સાથે કસરત કરવાનું ચાલુ રાખી શકો. આ દિવસમાં માત્ર એક જ વાર હોવું જોઈએ અને તમારે તમારા સ્થાનિક વિસ્તારની બહાર ન જવું જોઈએ. તમારે સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવી રાખવું જોઈએ. કસરત કરવી જુઓ.

તબીબી કારણો

તમે કોઈ તબીબી કારણોસર ઘર છોડી શકો છો, જેમે કોવિડ -19 ટેસ્ટ, તબીબી અપોઈન્ટમેન્ટો અથવા ઈમર્જન્સીઓનો સમાવેશ થાય છે.

મેટરનિટી

બાળકને જન્મ આપી રહેલ કે મેટરનિટીની બીજી સેવાઓ મેળવવા જઈ રહેલ વ્યક્તિની સાથે અથવા જન્મના તુરંત બાદની કટકોકટીની નીઓનેટલ સારવાર મેળવી રહેલ બાળક સાથે રહેવા માટે તમે ઘરમાંથી બહાર નીકળી શકો છો. સગર્ભાવસ્થા અને કોરોનાવાઈરસ ઉપર NHSનું માર્ગદર્શન ઉપલબ્ધ છે.

નુક્સાન

ઈજા અથવા બીમારીથી બચવા અથવા નુકસાનના જોખમથી બચવા માટે (જેમ કે ઘરેલૂ દુર્વ્યવહાર) તમે ઘર છોડીને નીકળી શકો છો.

દયા ભાવનાથી કરવામાં આવતી મુલાકાતો

મૃત્યુના બિછાને રહેલ વ્યક્તિને અથવા કેર હોમમાં રહેલ વ્યક્તિને મળવા માટે (જો કેર હોમ ઉપરના માર્ગદર્શનહેઠળ અનુમતિ હોય), હોસ્પિસ અથવા હોસ્પિટલમાં મળવા જવા અથવા તબીબી અપોઈન્ટમેન્ટમાં તેમની સાથે જવા માટે પણ તમે ઘરમાંથી નીકળી શકો છો.

પ્રાણીઓના સ્વાસ્થ્યને લગતાં કારણો

તમે પ્રાણીઓના સ્વાસ્થ્ય માટેનાં કારણોસર - જેમ કે સલાહ કે સારવાર માટે પશુચિકિત્સક પાસે જવા માટે ઘરમાંથી બહાર નીકળી શકો છો.

સાંપ્રદાયિક પૂજા અને જીવન પ્રસંગો

તમે સામુહિક પૂજા-પ્રાર્થના માટે ધાર્મિક સ્થળે જવા, કોઈ ફ્યૂનરલમાં કે મૃત્યુ સાથે જોડાયેલ ક્રિયા વિધિમાં હાજરી આપવા, કબ્રસ્તાન કે સ્મારક સ્થાનોમાં જવા કે લગ્ન વિધિમાં હાજરી આપવા ઘરમાંથી નીકળી શકો છો. તમારે ધાર્મિક સ્થળોના સલામતીપૂર્વકના વપરાશ ઉપરની માર્ગદર્શિકા અનુસરવી જોઈએ અને તમારા ઘરમાં ન રહેતાં હોય કે સપોર્ટ બબલમા ન હોય તે લોકોની સાથે મેલમિલાપ ન જ કરવો જોઈએ. લગ્નો, ફ્યૂનરલો અને કોઈના મૃત્યુ સાથે જોડાયેલા ધાર્મિક, માન્યતા આધારિત અથવા સ્મારક પ્રસંગો, તે તમામમાં કેટલાં લોકો હાજર રહી શકે તેના ઉપર મર્યાદા મૂકવામાં આવી છે.

બીજાં વાજબી બહાનાં

અન્ય વ્યાજબી બહાનાઓ છે. દાખલા તરીકે, તમે કાનૂની જવાબદારીઓ પૂર્ણ કરવા માટે, અથવા રહેણાંક સંપત્તિ ખરીદવા, વેચવા, ભાડા આપવા અથવા ભાડે આપવાની પ્રવૃત્તિઓ કરવા માટે, અથવા ધરણાં કરવા, અથવા જ્યાં ચૂંટણી અથવા

લોકમતમાં મતદાન કરવા માટે વ્યાજબીરૂપે જરૂરી હોય ત્યારે ઘરમાંથી બહાર નીકળી શકો.

બીજાં લોકોને મળવું

કુટુંબીજનો કે મિત્રો સાથે સામાજિક રીતે મળવાનું કાયદા વિરુદ્ધ છે, સિવાય કે તે તમારા જ ઘરમાં સાથે રહેતાં હોય અથવા સપોર્ટ બબલનો ભાગ હોય. તમે મનોરંજન અથવા ફૂરસદનો સમય વીતાવવા માટેના હેતુસર ઘરમાંથી બહાર નીકળી શકો નહિ (જેમ કે પિકનિક કરવા કે સામાજિક મેળવાડા કરવા).

કસરત કરવી

તમારે ઘરની બને તેટલો ઓછો સમય વીતાવવો જોઈએ, પણ તમે કસરત કરવા માટે ઘરમાંથી બહાર જઈ શકો છો. આ દિવસમાં માત્ર એક જ વાર હોવું જોઈએ અને તમારે તમારા સ્થાનિક વિસ્તારની બહાર ન જવું જોઈએ.

તમે બહારનાં જાહેર સ્થાન પર કસરત કરી શકો છો:

- તમે એકલાં
- તમે જેમની સાથે રહેતા હો તેવા લોકો સાથે,

- તમારા સપોર્ટ બબલ સાથે, (જો તમને કાયદેસર તે બનાવવાની પરવાનગી હોય તો)
- ચાઈલ્ડકેર બબલમાં, જ્યાં બાળ સંભાળ પૂરી પાડવામાં આવતી હોય
- અથવા, એકલાં રહેતાં હો ત્યારે, બીજા ઘરની 1 વ્યક્તિ સાથે

આમાં દોડવા, સાઈકલ ચલાવવા, ચાલવા અને તરવા જવાનો સમાવેશ થાય છે, પરંતુ આ યાદી આટલા પૂરતી મર્યાદિત નથી. અંગત તાલીમ રૂબરૂમાં આપવાનું ચાલુ રાખી શકાય છે, સિવાય કે દરેક જણ એક જ ઘરમાં રહેતાં હોય કે સપોર્ટ બબલમાં હોય

જાહેર બાહ્ય સ્થળોમાં સમાવેશ થાય છેઃ

- જાહેર બગીચાઓ, દરિયા કિનારાઓ, જાહેર જનતા માટે ખુલ્લા ગ્રામિણ વિસ્તારો, જંગલો
- જાહેર બગીચાઓ (તમારે ત્યાં પ્રવેશ માટે પૈસા ચૂકવવાના હોય કે નહિ)
- ઐતિહાસિક સ્થાનોનાં મેદાનો
- રમતનાં મેદાનો

રમત માટેનાં આઉટડોર સ્થાનો બંધ રાખવાં જ જોઈએ, દાખલા તરીકેઃ

- ટેનિસ કોર્ટ્સ

- ગોલ્ફ કોર્સ
- સ્વિમિંગ પૂલો

5 વર્ષથી ઓછી વયનાં બાળકો અને જેમને સતત સંભાળની જરૂર હોય તેવી કોઈ અસમર્થ વ્યકિત માટે વધુમાં વધુ 2 કેરરોને, બહાર કસરત કરવા માટે ભેગાં થતાં લોકોની સંખ્યા પરની મર્યાદા હેઠળ ગણવામાં આવશે નહીં.

જો તમને (અથવા તમે સંભાળ રાખતાં હો તે વ્યક્તિને) એવી કોઈ બીમારી હોય જે માટે તમારી તબિયત જાળવવા નિયમિત રીતે ઘરમાંથી બહાર નીકળવું પડે તેમ હોય - જો તે માટે તમારે દિવસમાં અનેક વાર તમારા સ્થાનિક વિસ્તારથી દૂર જવું પડતું હોય તો તેના સહિત - તો તમે તે કરી શકો છો.

બીજાં લોકોની આસપાસ હો ત્યારે, તમારી સાથે એક જ ઘરમાં ન રહેતી બીજી કોઈ પણ વ્યક્તિથી - એટલે કે તમે જેમની સાથે રહેતાં હો - અથવા તમારા સપોર્ટ બબલમાં હોય તે સિવાયનાં લોકોથી 2 મીટર દૂર રહો. જ્યાં આ શક્ય ન હોય, ત્યાં વધારાની સાવચેતી રાખીને (દા.ત. ફેસ કવરિંગ પહેરવું) 1 મીટરના અંતરે રહો.

ચહેરાનાં આવરણો

ઘણાં ઈનડોર સ્થાનોમાં તમારે ચહેરા પરનાં આવરણો (ફેસ કવરિંગ) પહેરવાં ફરજિયાત છે, જેમ કે દુકાનો અથવા જે ધાર્મિક સ્થળો ખુલ્લાં હોય ત્યાં તેમજ જાહેર

વાહનો પર, સિવાય કે તમને તે માટે છૂટ મળેલી હોય. આ કાયદો છે. ફેસ કવરિંગ્સ ઉપરનું માર્ગદર્શન વાંચો.

સપોર્ટ તેમજ ચાઈલ્ડકેર બબલો

સપોર્ટ અથવા ચાઈલ્ડકેર બબલ બનાવવા માટે તમારે તેની લાયકાતના કેટલાક નિયમો પૂરા કરવા જરૂરી છે. એટલે કે દરેક જણ આ બબલ બનાવી શકશે નહિ.

સપોર્ટ બબલ એટલે કે બે ઘરોને જોડતું સહાયનું નેટવર્ક. જો તમે લાયકાતના નિયમો પૂરા કરતાં હો તો જ તમે કોઈ પણ કદનાં બીજા ઘરનાં લોકો સાથે સપોર્ટ બબલ બનાવી શકો છો.

તમે આ નિયમોનું પાલન ન કરતાં હો તો સપોર્ટ બબલ બનાવવાનું કાયદા વિરુદ્ધ છે.

તમારા સપોર્ટ બબલની મુલાકાત લેવા (અને તેમની સાથે રાત્રે રહેવા માટે) તમારું ઘર છોડવાની તમને મંજૂરી છે. પરંતુ, જો તમે સપોર્ટ બબલ બનાવો, તો તે સ્થાનિક રીતે રહેતા ઘરવાળા સાથે બનાવવાનું શ્રેષ્ઠ છે. આના લીધે, જ્યાં વધારે લોકોમાં ચેપ ફેલાયેલ હોય ત્યાંથી બીજા વિસ્તારમાં વાઈરસનો ફેલાવો થતો રોકવામાં મદદ મળશે.

જ્યાં 14 વર્ષથી નાની ઉંમરનું બાળક રહેતું હોય તેવા ઘરમાં જો તમે રહેતાં હો, તો તમે ચાઈલ્ડકેર બબલ બનાવી શકો. આના લીધે બીજા એક ઘરનાં મિત્રો કે કુટુંબીજનો અનૌપચારિક બાળ સંભાળ પૂરી પાડી શકશે.

તમારે તમારા ચાઈલ્ડકેર બબલ સાથે સામાજિક રીતે ન જ મળવું જોઈએ અને તમારા ચાઈલ્ડકેર તેમજ સપોર્ટ બબલનાં લોકોને એક સાથે એક જ સમયે ન જ મળવું જોઈએ.

સપોર્ટ બબલો અને ચાઈલ્ડકેર બબલો માટે અલગ માર્ગદર્શિકા છે.

તમે ક્યારે અને ક્યાં મોટા જૂથોમાં મળી શકો છો

એવા પણ સંજોગો છે કે જેમાં તમને તમારા ઘરની બહારનાં બીજાં લોકો, ચાઈલ્ડકેર કે સપોર્ટ બબલની બહારનાં લોકોને મોટાં જૂથોમાં મળવાની પરવાનગી છે, પરંતુ આ સામાજિક મેલ-મિલાપ માટે ન હોવું જોઈએ અને માત્ર પરવાનગી અપાયેલ હેતુસર જ હોવું જોઈએ. આ સંજોગોની સંપૂર્ણ સૂચિ રેગ્યુલેશનોમાં સમાવવામાં આવશે, અને તેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- કામ માટે અથવા સ્વૈચ્છિક સેવા કે ધર્માદા સેવાઓ પૂરી પાડવા માટે, જ્યાં તે વાજબી રીતે ઘરે રહીને કરી શકાય તેમ ન હોય. આમાં જ્યાં જરૂરી હોય ત્યાં બીજાં લોકોનાં ઘરોમાં કામ કરવાનો સમાવેશ થઈ શકે - દાખલા તરીકે, આયાઓ, સફાઈ કામદારો, બાળકો અને કુટુંબોને ટેકો પૂરો

પાડતાં સામાજિક સંભાળનાં કાર્યકરો, અથવા વેપારી કામદારો. બીજાં લોકોનાં ઘરોમાં સલામતીપૂર્વક કામ કરવું ઉપરનું માર્ગદર્શન જુઓ. જ્યાં કોઈ કામની મીટિંગ ખાનગી ઘર અથવા બગીચામાં યોજવાની જરૂર ન હોય, તે ન કરવી જોઈએ - દાખલા તરીકે, આમ તો તમે કોઈ અંગત ટ્રેઈનરને મળી શકો, પરંતુ તમારે તે કોઈ જાહેર ખુલ્લા સ્થળમાં કરવું જોઈએ.

- ચાઈલ્ડકેર બબલમાં (માત્ર બાળકોની સંભાળના હેતુસર જ)
- જ્યાં આ સેવાઓ વાપરવા માટે લાયક હોય, શિક્ષણ માટે, નોંધાયેલ બાળ સંભાળ તેમજ બાળકો માટેની દેખરેખ હેઠળની પ્રવૃત્તિઓ શિક્ષણ તેમજ બાળ સંભાળની સુવિધાઓ મેળવવા ઉપર મર્યાદા મૂકવામાં આવી છે. શિક્ષણ અને બાળ સંભાળ ઉપર વધારે માહિતી જુઓ.
- જ્યાં બાળકો તેમનાં માતા અને પિતા બંને અથવા વાલીઓ સાથે એક જ ઘરમાં ન રહેતાં હોય તેવા કિસ્સામાં ગોઠવણો માટે
- જન્મદાતા માતાપિતા અને સંભાળમાં રહેલ બાળક વચ્ચે, તેમજ સંભાળમાં રહેલાં ભાઈ બહેનો વચ્ચેનો સંપર્ક કરાવવા માટે
- સંભવિત દત્તક લેનારાં માતાપિતાને તેમની સાથે રહેવા મોકલવામાં આવી શકે તે બાળક અથવા બાળકોને મળવા માટે
- સોશિયલ સર્વીસીસ દ્વારા કોઈ બાળક અથવા બાળકોને બીજાની સંભાળમાં મૂકવા અથવા તે માટેની સુવિધા કરી આપવા માટે
- જન્મદાતા માતાપિતાઓ માટે

- ઈમર્જન્સીમાં સહાયતા પૂરી પાડવા માટે, અને કોઈ ઈજા કે બીમારી ટાળવા માટે, અથવા નુક્સાનના જોખમથી દૂર ભાગવા માટે (ઘરેલૂ દુર્વ્યવહાર સહિત)
- મૃત્યુના બિછાને હોય તેવી કોઈ વ્યક્તિને મળવા જવા માટે, અથવા હોસ્પિટલ, હોસ્પિસ કે કેર હોમમાં સારવાર લઈ રહેલ કોઈ વ્યક્તિને મળવા જવા માટે, અથવા તબીબી અપોઈન્ટમેન્ટમાં કોઈ કુટુંબીજન કે મિત્રની સાથે જવા માટે.
- કોઈ કાનૂની ફરજ પૂરી કરવા માટે, જેમ કે કોર્ટ અથવા જ્યુરી સર્વિસમાં હાજરી આપવી
- ક્રિમિનલ જસ્ટિસનાં રહેઠાણો અથવા ઈમિગ્રેશન ડીટેન્શન સેન્ટરોની અંદર ભેગાં મળતાં લોકો માટે
- કોઈ અરક્ષિત વ્યક્તિને સંભાળ અથવા સહાય પૂરી પાડવા માટે, અથવા કોઈ કેરરને થોડા વખતનો આરામનો સમય આપવા માટે
- લગ્ન અથવા તેના જેવા કોઈ સમારોહ માટે. આ માત્ર અપવાદરૂપ સંજોગોમાં જ હોવું જોઈએ અને 6 લોકો સુધી જ મર્યાદિત છે.
- ફ્યૂનરલો માટે - વધુમાં વધુ 30 લોકો. મૃતકની યાદગીરીમાં કરવામાં આવતાં જાગરણો તેમજ અન્ય સંલગ્ન વિધિઓના કાર્યક્રમો વધુમાં વધુ 6 લોકોની હાજરીથી ચાલુ રહી શકે છે.
- શ્રેષ્ઠ કોટીના રમતવીરો માટે (અને જોજરૂર હોય તો તેમના પ્રશિક્ષકો, અથવા જો તેઓ 18 વર્ષથી નાનાં હોય તો તેમનાં માતાપિતા/વાલીઓ) -

અથવા જેઓ અધિકૃતપણે શ્રેષ્ઠ કોટીની રમતોના માર્ગ પર હોય તેઓ - સ્પર્ધામાં ભાગ લેવા અને તાલીમ લેવા માટે

- ઘર બદલવામાં સુવિધા માટે

જે સપોર્ટ જૂથો રૂબરૂ પૂરા પાડવા જરૂરી હોય તેઓ વધુમાં વધુ 15 સહભાગીઓ સાથે ચાલુ રહી શકે છે, જ્યાં પરસ્પર સહાય, થેરપિ અથવા અન્ય કોઈ પ્રકારની સહાય પૂરી પાડવાનું ઔપચારિક આયોજન કરવામાં આવ્યું હોય - પરંતુ તે ખાનગી ઘર સિવાય અન્ય કોઈ જગ્યામાં થવું ફરજિયાત છે.

જ્યાં તે જૂથમાં અપવાદમાં આવરી લેવાયેલ વ્યક્તિનો સમાવેશ થતો હોય (દાખલા તરીકે, ત્યાં કામ કરતી કે વોલન્ટીયરીંગ કરતી વ્યક્તિનો), તો સામાન્ય રીતે તેમને એકઠાં મળતાં લોકોની સંખ્યામાં ગણવામાં આવતાં નથી. એટલે કે, દાખલા તરીકે, કોઈ વેપારી વ્યક્તિ જો કામ કરવા આવ્યા હોય તો તેઓ સંખ્યાની મર્યાદા તોડ્યા વગર ઘરમાં જઈ શકે છે, અને લગ્નમાં પંડિતની તે મર્યાદિત સંખ્યામાં ગણતરી કરવામાં આવશે નહિ.

જો તમે નિયમો તોડશો તો

તમે મોટાં જૂથોમાં મળશો તો પોલીસ તમારી સામે પગલાં લઈ શકે છે. આમાં ગેરકાયદેસર થતાં મોટા મેળાવડાઓ વિખેરવાનો તેમજ દંડ (નિશ્ચિત રકમના દંડની નોટિસો) જારી કરવાનો સમાવેશ થાય છે.

તમને પહેલીવારના ગુના માટે £200ના નિશ્ચિત રકમના દંડની નોટિસ આપવામાં આવી શકે છે, તે પછી બીજા વધારાના ગુના માટે તે રકમ બમણી કરીને £6,400 સુધી દંડ કરવામાં આવી શકે. જો તમે 30 કરતાં વધારે લોકોનો ગેરકાનૂની મેળાવડો ભેગો કરશો અથવા તેમાં સંડોવાયેલાં હશો, તો પોલીસ £10,000 રકમનો દંડ કરી શકે છે.

જેમના પર કોરોનાવાઈરસનું વધારે જોખમ હોય તે લોકોનું રક્ષણ કરવું

જો તમે તબીબી રીતે અરક્ષિત હો, તો તમને કોરોનાવાઈરસથી ગંભીર બીમારી થવાનું ખૂબ મોટું જોખમ હોઈ શકે છે. જે લોકો કોરોનાવાઈરસ પ્રતિ તબીબી રીતે અત્યંત અરક્ષિત હોય તેમના માટે વધારાની સલાહ આપવામાં આવી છે. તબીબી રીતે અત્યંત અરક્ષિત લોકોએ ફરીથી લાગુ પડાયેલ શિલ્ડિંગની માર્ગદર્શિકા અનુસરવી જોઈએ અને કામ પર, સ્કૂલ, કોલેજ અથવા યૂનિવર્સિટીમાં ન જવું જોઈએ. તમે ઘરની બહાર જે સમય વીતાવો તે ઓછો કરી દેવો જોઈએ. તમારે માત્ર તબીબી અપોઈન્ટમેન્ટો, કસરત માટે અથવા આવશ્યક હોય તો જ બહાર નીકળવું જોઈએ.

કામ પર જવું

જો તમે વાજબી રીતે ઘરે રહીને કામ ન કરી શકતાં હો, તો જ તમે કામ પર જવા ઘરમાંથી બહાર નીકળી શકો.

જ્યાં લોકો ઘરેથી કામ ન કરી શકતાં હોય તેમણે કામ પર જવા મુસાફરી ચાલુ રાખવી જોઈએ. આમાં નીચેનાં ક્ષેત્રોમાં કામ કરતાં લોકોનો સમાવેશ થાય છે, જો કે આ યાદી આટલા પૂરતી મર્યાદિત નથીઃ

- કટોકટીનાં રાષ્ટ્રીય બાંધકામોમાં
- બાંધકામના ક્ષેત્રમાં
- ઉત્પાદન ક્ષેત્રમાં
- બાળ સંભાળ અથવા શિક્ષણ
- આવશ્યક જાહેર સેવાઓ

દેશનો કારભાર ચાલુ રાખવા અને ક્ષેત્રો તેમજ કાર્યકરોને ટેકો આપવા માટે આ આવશ્યક છે.

જ્યાં તમારે બીજાં લોકોનાં ઘરોમાં કામ કરવાનું આવશ્યક હોય - જેમ કે આયાઓ, સફાઈ કામદારો અથવા વેપારી માણસો - તો તે તમે કરી શકો છો. નહિંતર, તમારે કોઈ ખાનગી ઘર અથવા બગીચામાં, જ્યાં કોવિડ-19 સુરક્ષિત પગલાં કદાચ અમલમાં ન હોય, ત્યાં કામ માટે મળવાનું ટાળવું જોઈએ.

એમ્પ્લોયરો અને કર્મચારીઓએ તેમના કામની ગોઠવણો ઉપર ચર્ચા કરવી જોઈએ અને નોકરીદાતાઓએ તેમના કર્મચારીઓ ઘરે રહીને કામ કરી શકે તેની સુવિધા કરવાનાં તમામ સંભવિત પગલાં લેવાં જોઈએ, જેમ કે દૂર બેસીને કામ કરી શકાય તે માટેનાં યોગ્ય આઈ.ટી. તેમજ સાધનો પૂરાં પાડવાં. જ્યાં લોકો ઘરેથી કામ ન કરી શકે, ત્યાં નોકરીદાતાઓએ તેમના કર્મચારીઓએ જાહેર વાહનો પર ભીડવાળા વ્યસ્ત સમયો અને માર્ગો ન વાપરવાં પડે તે માટેનાં પગલાં લેવાં જોઈએ.

કોવિડ-19 સુરક્ષિત માર્ગદર્શન ધ્યાનપૂર્વક અનુસરવામાં આવે, તો રોગચાળાના ફેલાવાનું જોખમ ખૂબ નોંધપાત્ર પ્રમાણમાં ઘટી શકે છે. જેમના પર વધારે જોખમ રહેલું છે તે લોકો પ્રતિ વધારે ધ્યાન આપવામાં આવવું જોઈએ.

સ્કૂલ કે કોલેજ જવું

કોલેજો, પ્રાઈમરી (રીસેપ્શન અને તેથી ઉપરના વર્ગો) અને સેકન્ડરી સ્કૂલો અરક્ષિત બાળકો તેમજ ક્રિટિકલ વર્કરોનાં બાળકો માટે ખુલ્લી રહેશે. બીજાં બધાં બાળકો ફેબ્રુઆરી અર્ધ સત્ર સુધી સ્કૂલથી દૂર રહીને ઘરેથી ભણશે.

પરીક્ષાઓ

આ સંજોગોમાં, પૂર્વાયોજન મુજબ ઉનાળામાં પરીક્ષાઓ લેવાનું શક્ય નથી. વિદ્યાર્થીઓ ન્યાયી રીતે આગળ વધી શકે તે માટેની વૈકલ્પિક ગોઠવણો અમલમાં

મૂકવા માટે ડિપાર્ટમેન્ટ ફોર એડ્યુકેશન ત્વરિત મંત્રણાઓ કરવા માટે તદ્નુસાર ઓફકૉલ સાથે મળીને કામ કરશે.

જાન્યુઆરીમાં થનારી વોકેશનલ અને ટેક્નીકલ પરીક્ષાઓ માટે જ્યાં તેના પ્રોવાઈડરોને તેમ કરવાનું યોગ્ય લાગશે ત્યાં તે આગળ વધી શકે છે.

યુનિવર્સિટીઓ

જે વિદ્યાર્થીઓ નીચેના અભ્યાસક્રમો માટેની તાલીમ અને અભ્યાસ કરી રહ્યાં હોય તેમણે પૂર્વાયોજન મુજબ તેમના રૂબરૂ અપાતા શિક્ષણ માટે પાછાં જવું જોઈએઃ

- મેડિસિન અને ડેન્ટિસ્ટ્રી
- મેડિસિન/હેલ્થ સાથે જોડાયેલ વિષયો
- વેટરિનરી સાયન્સ
- શિક્ષણ (શિક્ષક બનવા માટેની પ્રારંભિક તાલીમ)
- સામાજિક કાર્ય
- જે અભ્યાસક્રમો માટે પ્રોફેશનલ, સ્ટેટ્યુટરી એન્ડ રેગ્યુલેટરી બોડી (PSRB) મૂલ્યાંકન અને અથવા ફરજિયાત પ્રવૃત્તિઓની જરૂર હોય, જે જાન્યુઆરી માટે ગોઠવવામાં આવી હોય અને તેની ફેરગોઠવણ ન થઈ શકે તેમ હોય (જો આ તમને લાગુ પડતું હશે, તો તમારી યૂનિવર્સીટી તમને જાણ કરશે)

યૂનિવર્સીટીમાં પાછાં ફરી રહેલા વિદ્યાર્થીઓ પાછાં આવે ત્યારે તેમનો બે વખત ટેસ્ટ કરવામાં આવવો જોઈએ, અથવા તેના બદલે તેમણે દસ દિવસ સુધી સેલ્ફ-આઈસોલેટ કરવું જોઈએ.

આ અભ્યાસક્રમ ન કરતાં હોય તે વિદ્યાર્થીઓએ જો શક્ય હોય તો તેઓ જ્યાં પણ હોય ત્યાં જ રહેવું જોઈએ, અને ઓછામાં ઓછા ફેબ્રુઆરી મધ્ય સુધી તેમની ટર્મ ઓનલાઈન શરૂ કરવી જોઈએ, જે તેમની યૂનિવર્સીટી કે કોલેજ દ્વારા પૂરી પાડવામાં આવશે. આમાં ઉપરોક્ત યાદીમાં સમાવેલા ન હોય તેવા અન્ય પ્રેક્ટીકલ અભ્યાસક્રમ કરતા વિદ્યાર્થીઓનો સમાવેશ થઈ જાય છે.

યુનિવર્સિટીઓ અને વિદ્યાર્થીઓ વસંત સત્રમાં ઉચ્ચ શિક્ષણમાં કેવી રીતે સુરક્ષિત રીતે પરત આવી શકે છે તેનું માર્ગદર્શન અમે અગાઉ પ્રકાશિત કર્યું છે. જે વિદ્યાર્થીઓએ શિયાળાની રજાઓ બાદ ઊચ્ચ શિક્ષણમાં પાછાં ફરવું જરૂરી હોય તેઓ સલામતીપૂર્વક તે કરી શકે તે માટે અમે ઊચ્ચ શિક્ષણ પ્રદાતાઓને કેવી રીતે ટેકો આપીશું તે આ માર્ગદર્શિકા જણાવે છે.

જો તમે યુનિવર્સિટીમાં રહેતાં હો, તો તમારે ચાલુ સત્ર સમય દરમ્યાન તમારા વિદ્યાર્થીના ઘર અને કાયમી ઘર વચ્ચે આવ-જા ન કરવી જોઈએ.

જે વિદ્યાર્થીઓ રૂબરૂમાં શિક્ષણ મેળવવા માટે લાયક બનતાં હોય, તેઓ જ્યાં જરૂરી હોય ત્યાં તમારા ઔપચારિક શિક્ષણ કે તાલીમના ભાગ તરીકે તમારા ઘરનાં સભ્યોની સંખ્યા કરતાં મોટા જૂથમાં મળી શકો છો. વિદ્યાર્થીઓએ માર્ગદર્શન તેમજ

નિયંત્રણોનું પાલન કરવાની અપેક્ષા રાખવી જોઈએ. જ્યારે પણ શક્ય હોય ત્યારે, તમે જેમની સાથે ન રહેતાં હો તેમની સાથે તમારે સામાજિક અંતર જાળવવું જોઈએ.

બાળ સંભાળ

માતાપિતાઓ તેમજ કેરરો અનેક રીતે બાળ સંભાળ મેળવવાનું ચાલુ રાખી શકે છે.

- અરલી યર્સનાં સ્થળો (નર્સરીઓ અને ચાઈલ્ડમાઈન્ડરો) ખુલ્લાં રહે છે
- શાળાએ જવાની ઉંમર સિવાયના બાળકોને, ચાઈલ્ડમાઈન્ડરોએ સામાન્ય સમયની જેમ જ આવવા દેવાં જોઈએ. સ્કૂલે જવાની ઉંમરનાં બાળકોનું ધ્યાન રાખતાં ચાઈલ્ડમાઈન્ડરોએ (રીસેપ્શન વર્ગનાં બાળકો સહિત) માત્ર અરક્ષિત બાળકોને તેમજ ક્રિટિકલ વર્કરોનાં બાળકોને જ પ્રવેશ આપવો જોઈએ.
- અરક્ષિત બાળકો અને ક્રિટિકલ વર્કરોનાં બાળકો નોંધાયેલ બાળ સંભાળ, ચાઈલ્ડમાઈન્ડરો તેમજ બાળ સંભાળની અન્ય પ્રવૃત્તિઓ (સ્કૂલના સમય પહેલાં અને તે પછીની સંભાળ સહિત) વાપરવાનું ચાલુ રાખી શકે છે
- જ્યાં બાળક 14 વર્ષથી નાનું હોય, ત્યાં માતાપિતા અનૌપચારિક બાળ સંભાળના હેતુસર બીજા એક ઘરનાં સભ્યો સાથે ચાઈલ્ડકેર બબલ બનાવી

શકે છે. આ મુખ્યત્વે માતાપિતા કામ કરી શકે તે માટે છે, અને પુખ્ત લોકો વચ્ચે સામાજિક સંપર્ક કરવા માટે તેનો ઉપયોગ ન જ થવો જોઈએ.

- કેટલાક ઘરનાં સભ્યોને સપોર્ટ બબલમાં હોવાને કારણે પણ ફાયદો મળી શકશે
- આયાઓ તેમની સેવાઓ પૂરી પાડવાનું ચાલુ રાખી શકશે, બીજાંનાં ઘરમાં સેવા આપવા સહિત

મુસાફરી

તમારે ઘરની બહાર ન જ નીકળવું જોઈએ, સિવાય કે તમારી પાસે 'વાજબી બહાનું' હોય (દાખલા તરીકે, કામ અથવા શિક્ષણ હેતુ માટે). જો તમારે મુસાફરી કરવી જરૂરી હોય તો તમારે સ્થાનિક રહેવું જોઈએ - એટલે કે તમારા ગામ, નગર અથવા તમે રહેતાં હો તે શહેરની બહારની મુસાફરી ટાળવી - અને તમારી એકંદર મુસાફરીની સંખ્યા ઓછી કરવાનું વિચારવું જોઈએ. તમારું ઘર અને વિસ્તાર છોડીને નીકળી શકો તે માટેનાં કારણોની આ યાદી છે, પરંતુ તે આટલા પૂરતી મર્યાદિત નથીઃ

- કામ, જ્યાં તમે વાજબીપણે ઘરેથી કામ ન કરી શકો
- શિક્ષણ મેળવવા અને સંભાળ જવાબદારીઓ માટે

- તમારા સપોર્ટ બબલના લોકોને - અથવા બાળ સંભાળ માટે તમારા ચાઈલ્ડકેર બબલનાં લોકોને મળવા
- જો તમને અકસ્માત થયો હોય અથવા તમારા સ્વાસ્થ્યની ચિંતા હોય ત્યારે હોસ્પિટલ, જી.પી. અને અન્ય તબીબી અપોઈન્ટમેન્ટો કે મુલાકાતો માટે
- તમને જરૂરી માલસામાન કે સેવાઓ ખરીદવા, પરંતુ આ શક્ય હોય ત્યાં તમારા સ્થાનિક વિસ્તારમાં હોવું જોઈએ
- બહાર ખુલ્લામાં કસરત કરવા આ શક્ય હોય ત્યાં સ્થાનિક રીતે થવું જોઈએ, પરંતુ જો જરૂરી હોય તો તમે તમારા વિસ્તારની અંદર ટૂંકી મુસાફરી કરી શકો છો (દાખલા તરીકે, ખુલ્લી જગ્યા સુધી જવા)
- પ્રાણીની સંભાળ અને તેમને કસરત કરાવવા, અથવા પશુચિકિત્સા સેવાઓ મેળવવા

જો તમારે મુસાફરી કરવી જરૂરી હોય, તો શક્ય હોય ત્યારે ચાલીને કે સાઈકલ પર જાવ, અગાઉથી યોજના કરીને ભીડ હોય તેવા સમયે કે તેવા માર્ગોએથી જાહેર વાહનોમાં ન જાવ. આના લીધે મુસાફરી કરતી વખતે તમે બીજાં લોકોથી સામાજિક અંતર રાખી શકશો.

તમારા ઘર અથવા સપોર્ટ બબલની બહારનાં લોકો સાથે એક જ કારમાં મુસાફરીઓ કરવાનું ટાળો. ગાડી સહિયારી વાપરવા વિશે માર્ગદર્શન જુઓ.

તમારે જાહેર વાહનો વાપરવા પડે, તો તમારે સલામત મુસાફરીનું માર્ગદર્શન અનુસરવું જોઈએ.

આંતરરાષ્ટ્રીય મુસાફરી

તમે આંતરરાષ્ટ્રીય - અથવા યુ.કે.ની અંદર - મુસાફરી તો જ કરી શકો, જ્યાં સૌપ્રથમ તમને ઘરમાંથી બહાર નીકળવાની પરવાનગી હોય. આ ઉપરાંત, તમે જે દેશની મુલાકાત લઈ રહ્યાં છો તે દેશની જાહેર આરોગ્ય સલાહને ધ્યાનમાં લેવી જોઈએ.

જો તમારે વિદેશ મુસાફરી કરવી જરૂરી ન હોય (અને કાયદાકીય રૂપે તે માટેની મંજૂરી હોય, દાખલા તરીકે, તે કામ માટે હોય), પછી ભલે તમે પહેલાં આવી ચૂક્યાં હો તે સ્થળે ફરી પાછાં આવ્યાં હો, તો તમારે તમારા લક્ષ્યસ્થાન પર અમલમાં રહેલા નિયમો અને ફોરેન, કોમનવેલ્થ અને ડેવલપમેન્ટ ઓફિસ (FCDO)ની પ્રવાસ સલાહ જોવા જોઈએ.

યુકેના જે રહેવાસીઓએ હાલમાં વિદેશ હોય તેમણએ તાત્કાલિક ઘરે પાછા ફરવાની જરૂર નથી. જો કે, તમારે પાછા ફરવાની ગોઠવણ માટે તમારી એરલાઇન અથવા ટ્રાવેલ ઓપરેટર સાથે તપાસ કરવી જોઈએ.

વિદેશી નાગરિકો 'ઘરે રહો' નિયમોને અધીન છે. પરવાનગી ન હોય તો તમારે વિદેશ પ્રવાસ ન કરવો જોઈએ. એટલે કે તમારે રજાઓમાં બહારગામ ફરવા ન જ જવું જોઈએ.

જો તમે યુકેની મુલાકાત લઈ રહ્યાં હો, તો તમે ઘરે પાછા જઈ શકો છો. તમારે તપાસવું જોઈએ કે તમારા લક્ષ્યસ્થાન પર કોઈ પ્રતિબંધો છે કે કેમ.

રાત્રે ઘરેથી દૂર રહેવું

તમે રજાઓમાં ફરવા જવા માટે અથવા રાત્રિ રોકાણો કરવા માટે તમારું ઘર કે તમારું રહેવાનું સ્થાન છોડીને જઈ શકો નહિ, સિવાય કે તે માટે તમારી પાસે કોઈ વાજબી બહાનું હોય. આનો અર્થ એ કે રજાઓમાં યુ.કે. અને વિદેશમાં ફરવા જવા માટેની મંજૂરી નથી.

આમાં બીજા ઘર અથવા કેરેવૅનમાં રોકાવાનો સમાવેશ થાય છે, જો તે તમારું મુખ્ય નિવાસસ્થાન ન હોય. આમાં તે તમે જેમની સાથે ન રહેતાં હો તેવી બીજી કોઈ પણ વ્યક્તિ સાથે રહેવાનો સમાવેશ થાય છે, સિવાય કે તેઓ તમારા સપોર્ટ બબલમાં હોય.

તમને તમારા ઘરથી રાત્રે દૂર રહેવાની મંજૂરી છે જો તમે:

- તમારા સપોર્ટ બબલની મુલાકાત લઈ રહ્યા હો

- તમારા મુખ્ય નિવાસ પર પાછા ન આવી શકતાં હો
- ઘર બદલતી વખતે રહેઠાણની જરૂર હોય
- ફ્યૂનરલ અથવા સંબંધિત સ્મૃતિ કાર્યક્રમમાં હાજરી આપવા રહેઠાણની જરૂર હોય
- કામના હેતુસર અથવા વોલન્ટરી કે ધર્માદા સેવા પૂરી પાડવા માટે રહેઠાણની જરૂર હોય
- એક બાળક હો, જેને સ્કૂલ અથવા સંભાળ માટે રહેઠાણની જરૂર હોય
- બેઘર, અસાયલમ મેળવનારા અથવા આશ્રય શોધી રહેલ અરક્ષિત વ્યક્તિ હો, અથવા ઈજાથી બચીને ભાગી રહ્યાં હો (ઘરેલૂ અત્યાચાર સહિત)
- શ્રેષ્ઠ કોટીના રમતવીર અથવા તેમના સહાય કર્મચારી કે માતાપિતા હો, જો રમતવીર 18 વર્ષથી ઓછી વયનાં હોય અને તેમણે તાલીમ અથવા સ્પર્ધા માટે ઘરની બહાર રહેવું જરૂરી હોય

જો તમે પહેલાથી જ રજામાં બહારગામ ગયેલાં હો, તો તમારે શક્ય તેટલું વ્યવહારૂ બને એટલે ઘરે પાછા આવી જવું જોઈએ.

હોટેલ, બેડ એન્ડ બ્રેકફાસ્ટ અને કેરેવૅન પાર્ક્સ જેવા મહેમાન આવાસ પ્રદાતાઓ કાયદામાં જણાવ્યા મુજબનાં વિશિષ્ટ કારણોસર ખુલ્લા રહી શકે છે, જેમ કે, મહેમાનો તેમના મુખ્ય નિવાસસ્થાન પર પાછા જવા માટે અસમર્થ હોય, ઘર બદલતી વખતે રહેઠાણની જરૂર હોય, કાયદા મુજબ સેલ્ફ-આઈસોલેટ કરી રહ્યાં

હોય, અથવા તો તે આવાસ બંધ થવાના પરિણામે તેઓ બેઘર થઈ શકે તેમ હોય, તેવા કિસ્સામાં તેઓ તે મહેમાન આવાસને પોતાના મુખ્ય નિવાસસ્થાન તરીકે વાપરી શકે છે. આ કારણોની સંપૂર્ણ યાદી ઈંગ્લેન્ડમાં કેટલાક વ્યવસાયો અને સ્થળો બંધ કરવાં ઉપરના માર્ગદર્શનમાંથી મળી શકે છે.

રહેઠાણો પૂરાં પાડનારાં પ્રોવાઈડરોને બેઘર લોકો સહિત અન્ય અરક્ષિત લોકોને રહેઠાણ પૂરાં પાડવા માટે લોકલ ઓથોરિટીઓ સાથે મળીને સહકારથી કામ કરવા પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

કેર હોમની મુલાકાતો

કેર હોમ્સમાં મોટા પ્રમાણમાં સ્ક્રીનો (પડદા), મુલાકાત માટેના પૉડ્સ, અથવા બારીમાંથી થતી મુલાકાતો જેવી ગોઠવણો સાથે મુલાકાતો કરી શકાય છે. નજીકના સંપર્કની ઈનડોર મુલાકાતની મંજૂરી નથી. રોગચાળો ફાટી નીકળ્યો હોય ત્યારે કોઈ પણ મુલાકાતોની પરવાનગી આપવામાં આવશે નહિ.

મુલાકાતો કેવી રીતે થવી જોઈએ તે જાણવા માટે તમારે કોવિડ-19 દરમિયાન કેર હોમ્સની મુલાકાત લેવા વિશે માર્ગદર્શન જોવું જોઈએ. રહેવાસીઓ હોમની બહાર કોઈનાં ઘરની અંદર બીજાં લોકોને મળી શકે નહિ (દાખલા તરીકે, કૌટુંબિક ઘરમાં તેમનાં સગાંને મળવા જવું). જેઓ સહાયતા સાથેનાં રહેઠાણોમાં રહેતાં હોય તેમના માટેની અલગ માર્ગદર્શિકા છે.

ફ્યૂનરલો

ફ્યૂનરલો માટે, ત્યાં હાજરી પર કડક મર્યાદા સાથે મંજૂરી છે, અને અપવાદરૂપ સંજોગોમાં સિવાય, તે ફક્ત કોવિડ-19 સુરક્ષિત સ્થળોએ અથવા જાહેર આઉટડોર જગ્યાઓ પર જ થવા જોઈએ.

ફ્યૂનરલોમાં વધુમાં વધુ 30 લોકો હાજર રહી શકે છે. જોડાયેલ ધાર્મિક, માન્યતા આધારિત અથવા સ્મારક કાર્યક્રમો, જેમ કે શિલા સ્થાપન અને અસ્થિ વિસર્જનની વિધિઓ પણ વધુમાં વધુ 6 લોકોની હાજરી સાથે ચાલુ રહી શકે છે. ત્યાં કામ કરતી વ્યક્તિને આ મર્યાદામાં ગણવામાં આવતી નથી. જે લોકો સાથે રહેતાં હોય અથવા સપોર્ટ બબલમાં ન હોય તેમની વચ્ચે સામાજિક અંતર જાળવવું જોઈએ.

લગ્નો, સિવિલ પાર્ટનરશીપો અને ધાર્મિક વિધિઓ

લગ્ન અને સિવિલ પાર્ટનરશીપના સમારોહ વધુમાં વધુ ફક્ત 6 લોકોની હાજરી સાથે જ થવા જોઈએ. ત્યાં કામ કરતી કોઈપણ વ્યક્તિ તેમાં ગણાશે નહિ. આ ફક્ત અપવાદરૂપ સંજોગોમાં જ થવું જોઈએ, દાખલા તરીકે, તાત્કાલિક લગ્ન, જ્યાં લગ્ન કરનારાઓમાંથી કોઈ એક ગંભીર બીમાર હોય અને સ્વસ્થ થવાની અપેક્ષા ન હોય, અથવા કમજોરી માટેની સારવાર કે જીવન-પરિવર્તન કરતી સર્જરી કરાવવાનું હોય.

લગ્નો તેમજ સિવિલ પાર્ટનરશીપની વિધિઓ, કોવિડ-19 સુરક્ષિત બનાવાયેલ સ્થળે અથવા જાહેર ખુલ્લા સ્થાનોમાં જ કરવામાં આવવા જોઈએ, સિવાય કે કોઈ અપવાદરૂપ સંજોગો હોય.

ધાર્મિક સ્થળો

તમે કોઈ વિધિ માટે ધાર્મિક સ્થળે જઈ શકો છો. પરંતુ તમારે તમારા ઘર બહારનાં અથવા સપોર્ટ બબલમાં ન હોય તેવા કોઈની સાથે હળવું મળવું ન જ જોઈએ. તમારે દરેક સમયે કડક સામાજિક અંતર જાળવવું જોઈએ.

તમારે ધાર્મિક સ્થળોના સલામતીપૂર્વકના વપરાશ ઉપરની રાષ્ટ્રીય માર્ગદર્શિકા અનુસરવી જોઈએ.

રમતો તેમજ શારીરિક પ્રવૃત્તિ

ઇનડોર જિમ અને રમત સુવિધાઓ બંધ રહે છે. આઉટડોર રમતનાં મેદાનો, આઉટડોર જિમ, ગોલ્ફ કોર્સ, આઉટડોર સ્વિમિંગ પૂલો, ધનુર્વિદ્યા/ડ્રાઈવિંગ/શૂટિંગ લક્ષ્ય સ્થાનો તેમજ ઘોડે સવારીનાં કેન્દ્રો પણ બંધ રહેવાં જ જોઈએ. અસમર્થ લોકો માટે બહાર ખુલ્લામાં થતી આયોજિત રમતો ચાલુ રાખવાની પરવાનગી છે.

ઉચ્ચ કોટીની રમતો ચાલુ રહી શકે. ઉચ્ચ કોટીની રમતો તબક્કાવાર ફરી પાછી શરૂ કરવા ઉપર માર્ગદર્શન ઉપલબ્ધ છે.

ઘર બદલવું

તમે હજુ પણ ઘર બદલી શકો છો. તમારા ઘર અથવા સપોર્ટ બબલ બહારના લોકોએ એકદમ જરૂરી ન હોય ત્યાં સુધી ઘર બદલવામાં મદદ ન કરવી જોઈએ.

એસ્ટેટ અને ઘરો ભાડે આપતા એજન્ટો તેમજ ઘરનો માલસામાન ખસેડવાનું કામ કરતી રીમૂવલ કંપનીઓ કામ ચાલુ રાખી શકે છે. જો તમે ઘર બદલવાનું વિચારતાં હો, તો તમે મકાનો જોવા માટે જઈ શકો છો.

સલામતીપૂર્વક ઘર બદલવા ઉપરની રાષ્ટ્રીય માર્ગદર્શિકા અનુસરો, જેમાં સામાજિક અંતર રાખવાની, અંદર તાજી હવા આવવા દેવી, અને ચહેરા પર આવરણ પહેરવાની સલાહનો સમાવેશ થાય છે.

નાણાંકીય ટેકો

તમે ગમે ત્યાં રહેતાં હો, તમે કદાચ નાણાંકીય મદદ મેળવી શકો

- વ્યવસાયો માટે નાણાંકીય સહાયના પૅકેજો
- ટિઅરિંગ પ્રતિબંધના પરિણામે બંધ થયલા વ્યવસાયો માટે નાણાંકીય સહાય
- કોરોનાવાઈરસ જોબ રીટેન્શન સ્કીમ દ્વારા કર્મચારીના વેતનનો દાવો

- [તમે સેલ્ફ-એમ્પ્લોયમેન્ટ ઈન્કમ સપોર્ટ સ્કીમ દ્વારા કોઈ ગ્રાન્ટનો દાવો કરી શકો કે નહિ તે તપાસો]()
- [કોરોનાવાઈરસને કારણે જો તમારી પાસે કામ ન હોય તો નાણાંકીય ટેકો]()

ધંધા વ્યવસાયો અને સ્થળો

ધંધા વ્યવસાયો અને સ્થળો જે બંધ રહેવા જ જોઈએ

સામાજિક સંપર્ક ઘટાડવા માટે, નિયમનો અનુસાર કેટલાક વ્યવસાયો બંધ કરવા જરૂરી છે તેમજ કેટલાક વ્યવસાયોએ માલ સામાન અને સેવાઓ કેવી રીતે પૂરાં પાડવા તે ઉપર નિયંત્રણો લાદવા જરૂરી છે. કયા વ્યવસાયો બંધ થવા જરૂરી છે તેની સંપૂર્ણ યાદી, ઈંગ્લેન્ડમાં કેટલાક વ્યવસાયો અને સ્થળો બંધ કરવા ઉપરના માર્ગદર્શનમાંથી મેળવી શકાય છે, પરંતુ તેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

- બિન-આવશ્યક રિટેલ, જેમ કે કપડાં અને હોમવેર સ્ટોર્સ, વાહનના શોરૂમ્સ (વાહનો ભાડે આપતાં હોય તે સિવાયનાં), સટ્ટાબાજીની દુકાનો, દરજીઓ, તમાકુ અને વેપની દુકાનો, ઇલેક્ટ્રોનિક સામાન અને મોબાઇલ ફોનની દુકાનો, હરાજીના મકાનો (પશુધનની હરાજી અથવા કૃષિ સાધનો સિવાય) અને બિનજરૂરી ચીજવસ્તુઓનું વેચાણ કરતા બજારના સ્ટોલ્સ. આ સ્થળો ક્લિક-એન્ડ-કલેક્ટ માટે (જ્યાં માલ પહેલેથી ઓર્ડર કરવામાં આવે અને

સ્થળની અંદર પ્રવેશ્યા વગર ત્યાંથી લઈ જવામાં આવે) અને ડિલિવરી સેવાઓ માટે ચાલુ રહી શકે છે.

- કૅફે, રેસ્ટોરન્ટ્સ, પબ્સ, બાર અને સોશિયલ ક્લબ જેવા આતિથ્ય સ્થળો; સિવાય કે તેઓ ટેકઅવે (રાત્રે 11 વાગ્યા સુધી), ક્લિક-એન્ડ-કલેક્ટ અને ડ્રાઈવ થ્રુ મારફતે ખોરાક અને બિન-આલ્કોહોલિક પીણાં પૂરાં પાડવાના અપવાદ સાથે ખુલ્લાં રહે. તમામ ખોરાક અને પીણાં (આલ્કોહોલ સહિત) ડિલિવરી મારફતે પૂરાં પાડવાનું ચાલુ રાખી શકાય છે.
- હોટલો, હોસ્ટેલો, ગેસ્ટ હાઉસો અને કેમ્પસાઇટ્સ જેવા આવાસ, વિશિષ્ટ સંજોગો સિવાય, જેમ કે તે કોઈના મુખ્ય રહેઠાણ તરીકે વપરાતાં હોય, જ્યાં વ્યક્તિ ઘરે પાછા ન જઈ શકે તેમ હોય, બેઘર લોકોને રહેવા કે સહાય પૂરી પાડવા માટે અથવા કામના હેતુસર ત્યાં રહેવું આવશ્યક હોય તેવા સંજોગોમાં.
- લેઝર સેન્ટરો અને ઇનડોર જિમ, ઇનડોર સ્વિમિંગ પુલ, ઇનડોર સ્પોર્ટ્સ કોર્ટ, ઇનડોર ફિટનેસ અને ડાન્સ સ્ટુડિયો, ઇનડોર રાઇડિંગ સેન્ટર્સ અને ઇનડોર ક્લાઇમ્બિંગ દિવાલો અને ગોલ્ફ કોર્સ જેવી રમત અને લેઝરની સુવિધાઓ
- થિયેટરો, કોન્સર્ટ હોલ, સિનેમાઘરો, મ્યુઝીયમો અને ગેલેરીઓ, કેસિનો, મનોરંજન આર્કેડ્સ, બિંગો હોલ્સ, બોલિંગ એલીઝ, સ્કેટિંગ રિંક્સ, ગો-કાર્ટિંગ વેન્યુ, ઇન્ડોર પ્લે અને સોફ્ટ પ્લે સેન્ટર્સ અને વિસ્તારો (ઇન્ફ્લેટેબલ પાર્ક્સ અને ટ્રેમ્પોલિનિંગ સેન્ટર્સ સહિત) જેવા મનોરંજન

સ્થળો, સરકસો, મેળાના મેદાનો, મેળાઓ, પાણીના ઉદ્યાનો અને થીમ પાર્ક

- પ્રાણીઓ હોય તેવાં આકર્ષણો (જેમ કે ઝૂ, સફારી પાર્ક્સ, એક્વેરીયમો તેમજ વન્ય જીવન કેન્દ્રો)
- વનસ્પતિ ઉદ્યાનો, હેરિટેજ ગૃહો અને સીમાચિહ્નો જેવા સ્થળો પરનાં ઇનડોર આકર્ષણો પણ બંધ રહેવાં જ જોઈએ, તેમ છતાં આ પરિસરના બહારના મેદાનો આઉટડોર કસરતો માટે ખુલ્લા રહી શકે છે.
- વાળ, સુંદરતા, ટેનિંગ અને નેઇલ સલુન્સ જેવી વ્યક્તિગત સંભાળ સુવિધાઓ. ટેટૂ પાર્લર, સ્પા, મસાજ પાર્લર, શરીર અને ત્વચા વેધન સેવાઓ પણ બંધ હોવી જ જોઇએ. આ સેવાઓ અન્ય લોકોના ઘરોમાં પૂરી પાડવી જોઈએ નહીં
- નીચે જણાવેલ મર્યાદિત સંખ્યામાં મુક્તિ અપાયેલ પ્રવૃત્તિઓ સિવાય કમ્યૂનિટી સેન્ટરો અને હોલ બંધ હોવા જોઈએ. આઇ.ટી. અને ડિજિટલ સેવાઓ પૂરી પાડવા માટે પુસ્તકાલયો પણ ખુલ્લા રહી શકે છે - દાખલા તરીકે જે લોકો પાસે ઘરે તે સુવિધા ન હોય તેમના માટે - અને ક્લિક-એન્ડ-કલેક્ટ સેવાઓ માટે.

આમાંના કેટલાક વ્યવસાયો અને સ્થળોને, થોડી સંખ્યામાં છૂટ અપાયેલ પ્રવૃત્તિઓ માટે ખુલ્લા રહેવાની મંજૂરી આપવામાં આવશે. આ છૂટછાટોની સંપૂર્ણ યાદી

[ઈંગ્લેન્ડમાં કેટલાક વ્યવસાયો અને સ્થળો બંધ કરવા ઉપરના માર્ગદર્શનમાંથી]
મળી શકે છે, પણ તેમાં આમનો સમાવેશ થાય છેઃ

- શિક્ષણ અને તાલીમ - સ્કૂલોને રમત, લેઝર તેમજ સામાજિક સુવિધાઓના ઉપયોગ માટે, જ્યાં તે તેમની સાધારણ જોગવાઈનો ભાગ હોય
- બાળ સંભાળના હેતુઓ તેમજ હાજરી આપવા માટે લાયક બનતાં બાળકો માટેની દેખરેખ હેઠળની પ્રવૃત્તિઓ
- રક્તદાન સત્રો અને ફૂડ બેંકો ગોઠવવા
- તબીબી સારવાર પૂરી પાડવા માટે
- વિશિષ્ટ રમતગમતના વ્યક્તિઓને (ઇનડોર અને આઉટડોર રમતો સુવિધાઓમાં) તાલીમ આપવા અને સ્પર્ધા કરવા, અને (ફિટનેસ અને ડાન્સ સ્ટુડિયોમાં) વ્યવસાયિક નર્તકો અને કોરિયોગ્રાફરો કામ કરવા માટે
- થિયેટરો અને કોન્સર્ટ હોલમાં) પ્રેક્ષકો વિના તાલીમ અને રિહર્સલ માટે
- ફિલ્મ અને ટીવી શૂટિંગના હેતુ માટે

ખુલ્લા રહી શકે તેવા વ્યવસાયો અને સ્થળો

કોવિડ -19 સુરક્ષિત માર્ગદર્શિકા અનુસરીને અન્ય વ્યવસાયો અને સ્થળોને ખુલ્લા રહેવાની મંજૂરી છે. આવશ્યક ચીજો અને સેવાઓ પૂરી પાડનારા વ્યવસાયો ખુલ્લા

રહી શકે છે. આ વ્યવસાયોની સંપૂર્ણ યાદી ઈંગ્લેન્ડમાં કેટલાક વ્યવસાયો અને સ્થળો બંધ કરવા ઉપરના માર્ગદર્શનમાંથી મળી શકે છે, પણ તેમાં આમનો સમાવેશ થાય છેઃ

- ખાદ્યપદાર્થોની દુકાનો, સુપરમાર્કેટો, ફાર્મસીઓ, ગાર્ડન સેન્ટરો, બાંધકામને લગતી ચીજ-વસ્તુઓ વેચતા વેપારીઓ અને બાંધકામને લગતા ઉત્પાદનોના સપ્લાયર્સ અને ઓફ-લાઇસન્સ જેવા જરૂરી છૂટક વેચાણકર્તાઓ
- જરૂરી છૂટક વેચાણ કરતા બજારના સ્ટોલ્સ પણ ખુલ્લા રહી શકે
- મુખ્યત્વે સમારકામની સેવાઓ પૂરી પાડતાં હોય તેવા સમારકામ સેવા પૂરી પાડનારા વ્યવસાયો પણ ખુલ્લા રહી શકે છે
- પેટ્રોલ સ્ટેશનો, સ્વચાલિત (પરંતુ માણસો દ્વારા કરવામાં આવતા હોય તેવા નહીં) કાર વૉશ, વાહન રિપેર ગરાજો અને એમ.ઓ.ટી. સેવાઓ, સાયકલની દુકાનો અને ટેક્સી અને વાહન ભાડે આપતા વ્યવસાયો
- બેંકો, બિલ્ડિંગ સોસાયટીઓ, પોસ્ટ ઓફિસ, ટૂંકા ગાળાના લોન પ્રદાતાઓ અને નાણાં ટ્રાન્સફર વ્યવસાયો
- ફ્યૂનરલ ડિરેક્ટરો
- લોન્ડ્રેટો અને ડ્રાય ક્લીનરો
- મેડિકલ અને ડેન્ટલ સેવાઓ

- પશુચિકિત્સકો તેમજ પ્રાણીઓના સ્વાસ્થ્ય તેમજ સુખાકારી માટેની ચીજો અને ખોરાક વેચતાં છૂટક વેચાણકર્તાઓ
- પ્રાણી બચાવ કેન્દ્રો, બોર્ડિંગ સુવિધાઓ અને પ્રાણીઓની માવજત કરનારાં (સૌંદર્યલક્ષી હેતુઓને બદલે પ્રાણી કલ્યાણ માટે ઉપયોગ કરવામાં આવી શકે)
- કૃષિ પુરવઠાની દુકાનો
- ગતિશીલતા અને અમસર્થતામાં સહાયતા પૂરી પાડતી દુકાનો
- સંગ્રહ અને વિતરણ સુવિધાઓ
- કાર પાર્કસ, જાહેર શૌચાલયો અને મોટરવે પરના સર્વિસના વિસ્તારો
- આઉટડોર રમતનાં મેદાનો
- બોટાનિકલ ગાર્ડનો તેમજ ઐતિહાસિક સ્થળો પરનાં આઉટડોર બગીચાઓ કસરત માટે
- ધાર્મિક સ્થળો
- સ્મશાન અને કબ્રસ્તાનો

આરોગ્ય સંભાળ અને જાહેર સેવાઓ

NHS અને તબીબી સેવાઓ ખુલ્લી છે, જેમ કેઃ

- ડેન્ટલ સેવાઓ,

- ઓપ્ટીશ્યનો,
- ઓડિયોલોજી સેવાઓ, ડેન્ટલ
- શિરોપોડી,
- કાઈરોપ્રેક્ટરો,
- ઓસ્ટીઓપાથ્સ,
- અન્ય તબીબી અથવા આરોગ્ય સેવાઓ, માનસિક આરોગ્યને લગતી સેવાઓ સહિત

અમે તાત્કાલિક અને બિન-તાત્કાલિક સેવાઓ સલામત રીતે હાથ ધરવા માટે NHSને ટેકો આપી રહ્યા છીએ, અને જો કોઈ પણ વ્યક્તિને કોઈ પણ પ્રકારની તબીબી સંભાળની જરૂરત હોવાનું લાગે તો તેઓ આગળ આવીને મદદ માગે તે અત્યંત અગત્યનું છે.

મોટાભાગની જાહેર સેવાઓ ચાલુ રહેશે અને તમે તેમની મુલાકાત લેવા માટે ઘરમાંથી બહાર નીકળી શકશો. આમાં સમાવેશ થાય છેઃ

- જોબસેન્ટર પ્લસ સ્થાનો
- કોર્ટ અને પ્રોબેશન સેવાઓ
- નાગરિક નોંધણી કચેરીઓ
- પાસપોર્ટ અને વિઝા સેવાઓ

- પીડિતોને પૂરી પાડવામાં આવતી સેવાઓ
- કચરો ફેંકવાના અથવા રિસાયક્લિંગ કેન્દ્રો
- ઘરમાંથી કાયદા મુજબ બહાર નીકળતી વખતે જો તમારે ગાડી ચલાવવી પડતી હોય તો, એમ.ઓ.ટી. કરાવવો